# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુ. પ્રવાહ તથા સંસ્કૃત મધ્યમાની જુલાઈ (પૂરક) પરીક્ષા–૨૦૨૩ના પરિણામ બાદ ગુણચકાસણી માટે નિયત સમયમર્યાદામાં મળેલ અરજીઓ પરત્વે ચકાસણીની પ્રક્રિયાને અંતે થયેલ આખરી સુધારા (**CHANGE/NO CHANGE**) દર્શાવતો રીપોર્ટ આજરોજ બોર્ડની વેબસાઈટ પર ઓનલાઈન મૂકવામાં આવે છે. અરજી કરેલ ઉમેદવારે પોતાનો ગુણચકાસણીનો રીપોર્ટ બોર્ડની વેબસાઈટ **www.gseb.org** અથવા નીચે દર્શાવેલ વેબસાઈટ પરથી તા.૧૯/૦૮/૨૦૨૩ થી તા.૨૯/૦૮/૨૦૨૩ સુધી તેમના દ્વારા કરવામાં આવેલ અરજીની વિગતો (**SEAT NUMBER, MOBILE NUMBER AND PASSWORD**) એન્ટર કરી, લોગ–ઈન થઈ ઓનલાઈન ડાઉનલોડ કરવાના રહેશે.

**ગુણચકાસણીનો રીપોર્ટ ડાઉનલોડ કરવા માટેની વેબસાઈટ**

- ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે – **sci.gseb.org**
- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહ માટે – **hsc.gseb.org**

વધુમાં જણાવવાનું કે ગુણચકાસણી બાદ જે વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો થયેલ હોય તે વિદ્યાર્થીઓના ગુણપત્રક/પ્રામાણપત્ર સંબંધિત શાળાઓને મોકલી આપવામાં આવશે. શાળાઓએ આ ગુણપત્રક/પ્રામાણપત્ર સંબંધિત વિદ્યાર્થીઓને સત્વરે વિતરણ કરી તેમની પાસેથી અગાઉ મળેલ ગુણપત્રક/પ્રામાણપત્ર પરત મેળવી બોર્ડની કચેરી સંબંધિત પરીક્ષા શાખામાં જમા કરાવવાના રહેશે.

ઉમેદવારોએ ગુણચકાસણી રીપોર્ટ ફક્ત ઓનલાઈન માધ્યમથી જ ડાઉનલોડ કરવાના રહેશે. શાળા કે વિદ્યાર્થીઓને જવાબ ટપાલ દ્વારા મોકલવાની પદ્ધતિ અમલમાં નથી. જેની સંબંધિત શાળાના આચાર્યશ્રીઓ, વાલીઓ તથા તમામ વિદ્યાર્થીઓને નોંધ લેવા વિનંતી.

નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

**તારીખ :** ૧૯/૦૮/૨૦૨૩
**સ્થળ :** ગાંધીનગર